**5.4.1 There is a registered Alumni Association that contributes significantly to the development of the institution through financial and/or other support services.**

**"College visit by a former student"**

On 03/02/2025, alumni Shri Ashwinbhai Champaklal Dave (BSc Chemistry, 1973) and Advocate Shri Girishbhai Trivedi visited the college with Academic Director Dr. Amit Parikh and others. They toured science labs, classrooms, the library, and trust office. They accepted an invitation to share their experiences with current students on 10/02/2025. Shri Dave has also been providing scholarships to students for several years

**ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા કોલેજની મુલાકાત**

એલ્યુમનાય એસોસીએસન અંતર્ગત 1973માં રસાયણશાસ્ત્ર સાથે સ્નાતક થયેલા શ્રી અશ્વિનભાઈ ચંપકલાલ દવે તથા એડવોકેટ શ્રી ગીરીશભાઈ ત્રિવેદી તારીખ 03/૦૨/૨૦૨૫ના રોજ એકેડેમિક ડાયરેક્ટર ડૉ.અમિત પરીખ, ભૂતપૂર્વ પ્રિન્સીપાલ તથા ભૂતપૂર્વ ડાયરેક્ટર ડૉ. એમ.વી.હાથી, પ્રિન્સીપાલ ડૉ.વાય.બી.ડબગર, ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ.આર.જે.પાઠક તેમજ એલ્યુમનાય કોર્ડીનેટર પ્રા.પી.વી.મોઢ સાથે કોલેજ ની મુલાકાત લીધી

સૌપ્રથમ સાયન્સ વિભાગ ની તમામ લેબોરેટરી, વર્ગખંડો, કે.ગીરધરલાલ ઓપન એર થીયેટર, લાયબ્રેરીની મુલાકાત લીધી. અને છેલ્લે બી.કે.ડી.કે.એમ. ટ્રસ્ટની ઓફિસમાં મુલાકાત લઈને છુટા પડ્યા. છુટા પડતી વખતે તારીખ ૧૦/૦૨/૨૦૨૫ ના રોજ કોલેજના વર્તમાન વિધાર્થીઓ સાથે તેમના અનુભવો વહેચવા માટેનું આમંત્રણ સ્વીકારેલ.વધુમાં છેલ્લા કેટલાક વર્ષોથી શ્રી ચંપકલાલ દવે તરફથી સ્કોલરશીપ આપવામાં આવે છે.



## 5.4.1 There is a registered Alumni Association that contributes significantly to the development of the institution through financial and/or other support services.



**સાયન્સ કોમર્સ કોલેજ, પાલનપુરમાં ભૂતપૂર્વ વિધાર્થી મીટનું આયોજન થયું**

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર. આર. મહેતા સાયન્સ કોલેજ અને સી. એલ. પરીખ કોમર્સ કોલેજ, પાલનપુરના એલ્યુમની (ભૂતપૂર્વ વિધાર્થી) એસોસિએશન તથા ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા આજરોજ તારીખ ૦૭- ૦૨- ૨૦૨૫ ના રોજ "એલ્યુમની એસોસિએશન મીટ" નું આયોજન કરવામાં આવેલ હતું. સદર કાર્યક્રમમાં સાયન્સ કોમર્સ કોલેજમાં ૧૯૭૩ માં બી.એસ.સી. (કેમેસ્ટ્રી)માં અભ્યાસ કરેલ શ્રી અશ્વિનભાઈ ચંપકલાલ દવે તથા તેમના સહધ્યાયી શ્રી ગીરીશભાઈ ત્રિવેદી (એડવોકેટ) આ બન્ને મહાનુભાવો મુખ્ય અતિથિ તરીકે સન્માનિત કરવામાં આવેલ હતા. સદર કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસિએશનનું મહત્વ અને તેના દ્વારા અપાતી કેરિયર સર્વિસ તથા જુદા જુદા પ્રકારની સ્કોલરશીપ તથા આ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આપણા કોલેજના કોલેજના તાજેતરમાં પાસ આઉટ થયેલા વર્તમાન વિદ્યાર્થીઓને કેવી રીતે મદદરૂપ થાય તેની ચર્ચા કરવામાં આવેલ હતી. સદર કાર્યક્રમમાં કેમ્પસના એકેડેમિક ડાયરેક્ટર શ્રી અમિત પરીખ હાજર રહી વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. ભૌતિકશાસ્ત્ર વિભાગના હેડ ડૉ. આર. જે. પાઠકે મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને તેમનો પરિચય આપેલ હતો. શ્રી અશ્વિનભાઈ દવે કે જેઓ અમેરિકામાં કોકોકોલાના ડિરેક્ટર તરીકે રહી ચૂકેલ હતા તેના અનુભવો જણાવેલા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી થયેલ તેમાં અમેરિકામાં અભ્યાસની થતો તકો, ગુજરાતી અંગ્રેજી માધ્યમની પડતી મુશ્કેલીઓ તથા શૈક્ષણિક ચર્ચા કરેલ હતી. ત્યારબાદ પાલનપુરના જાણીતા એડવોકેટ શ્રી ગિરીશભાઈ ત્રિવેદી દ્વારા કાયદાના નિયમોની ચર્ચા થયેલ. આ કાર્યક્રમમાં સ્ટાફ સાથે કુલ ૭૫ સભ્યો હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ફિઝિક્સ વિભાગ ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રા. પી.વી. મોઢ દ્વારા અને સમગ્ર કાર્યક્રમ પ્રિન્સીપાલ ડૉ. વાય. બી. ડબગરના માર્ગદર્શન હેઠળ થયેલ હતું.

તસ્વીર-અહેવાલ ગણપત - પટેલ

### "Alumni Association, Get- together"

On 25-02-2025, an Alumni Get-Together was organized by the Alumni Association at Palanpur. Former students shared experiences, offered support, and emphasized stronger networking. College leaders and coordinators highlighted the importance of alumni involvement in academics, placements, and mentoring. The event aimed to strengthen ties between past and present students.

### "Alumni Association, Get- together"

25-02-2025

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર આર મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સ અંતર્ગત એલ્યુમનાય એસોસિએશન દ્વારા "એલ્યુમનાય એસોસિયેશન,ગેટ ટુ ગેધર"

## 5.4.1 There is a registered Alumni Association that contributes significantly to the development of the institution through financial and/or other support services.

કાર્યક્રમનું આયોજન તા 25-02-2025 ના રોજ સાંજે 6-30 કલાકે શ્રીમતી એલ સી પરીખ ઓડિયો વિઝ્યુઅલ હોલ, પાલનપુરમાં મંડળના ઉપપ્રમુખ શ્રી આર વી શાહના અધ્યક્ષ પદે આયોજન થયેલ.

કુ. ક્રિષા પટેલ તથા કુ.પ્રેરણા જગાણીયા ( બી એસ સી સેમ-6) ના બંને વિધાર્થીનીએ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરેલ. "એલ્યુમનાય એસોસિએશન, ગેટ ટુ ગેધર" કાર્યક્રમનો હેતુ કોલેજ કક્ષાના કોઓર્ડીનેટર પ્રા પી વી મોઢ દ્વારા સમજાવેલ. આ એક એવું ગ્રુપ છે કે જે એક જ વિચારો ધરાવતું હોય, એક જ ધ્યેય સાથે જોડાયેલ હોય અને એક જ સંસ્થામાંથી પાસ થયેલ વિદ્યાર્થીઓનો સમૂહ. આ એસોસિએશન દ્વારા નેટવર્કિંગ અને વ્યવસાયિક સંબંધો પ્રસ્થાપિત કરી શકાય છે. આ એસોસિયેશનના આધારે જૂના અને હાલના વિદ્યાર્થીઓ વચ્ચે મજબૂત નેટવર્ક વિકસાવવાની તક મળી શકે છે. આ એસોસિએશન કોલેજના વર્તમાન વિદ્યાર્થીઓને વિવિધ કાર્યક્રમો દ્વારા ઉપયોગી થઈ શકે છે. કોલેજ દ્વારા રચાતા કાર્યક્રમમાં સહભાગી બનીને, પ્લેસમેન્ટ ફેર ગોઠવીને, સામાજિક કાર્યક્રમમાં સહભાગી થઈને અને સૌથી વિશેષ તમારો અમૂલ્ય સમય અને તમારો અનુભવ વહેંચીને પણ વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ શકો છો.

ભૌતિકશાસ્ત્રના અધ્યક્ષ ડો આર જે પાઠક દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ. આમંત્રિત ભૂતપૂર્વ વિદ્યાર્થી ડો કિર્તીભાઈ કોરોટ, ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, જગાણા દ્વારા પ્રતિભાવ આપવામાં આવેલ કે છેલ્લા 20 વર્ષમાં પ્રથમ વખત કોલેજના કોઈ કાર્યક્રમમાં સહભાગી થવાની તક મળી અને આવા કાર્યક્રમો વારંવાર ગોઠવાતા રહે તેવી તેમને ઈચ્છા દર્શાવેલ. શ્રી ગિરીશભાઈ મોઢ, શ્રીનાથજી ફાર્મા, પાલનપુર દ્વારા પ્રતિભાવ આપેલ કે ઘણા વર્ષ પછી કોલેજ દેખવાની તક મળેલ તથા તેમને સુચન કરેલ કે આ કાર્યક્રમની અગાઉથી જાણ બે થી ત્રણ મહિના પહેલા થાય તો અમે બીજા મિત્રો સાથે વધુ સંખ્યામાં હાજરી આપી શકીએ.1991 ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી મુકેશભાઈ મોઢ, આચાર્યશ્રી, પીલુચાએ જુની કોલેજની વાતોને વાગોળી. 2003 ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી શહેજાદ શેખ, એસ એસ કમ્પ્યુટર ક્લાસીસ, પાલનપુર, 1998 ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી રવિપાલ, શિક્ષકશ્રી, વિદ્યામંદિર કેમ્પસ, પાલનપુર, પોતાના વિવિધ પ્રતિભાવો આપેલ. 1981- 82 ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી મહેન્દ્રભાઈ મોદી કે જેઓ 39 વર્ષની સર્વિસ પછી બેંકમાંથી રિટાયર્ડ થયેલ છે તેમને જણાવેલ કે કોલેજ જ્યારે ઈચ્છે ત્યારે તમામ પ્રકારની મદદ કરવા અમો તૈયાર છીએ. શ્રી અભિજીતભાઈ રાઠોડ, એલ્યુમનાય એસોસિયેશન, મંત્રીશ્રી એ જણાવેલ કે ટેકનીકલ

## 5.4.1 There is a registered Alumni Association that contributes significantly to the development of the institution through financial and/or other support services.

રીતે આ એસોસિએશન માટે મારા દ્વારા જે પણ મદદ થઈ શકે તે કરવા માટે તૈયાર છીએ. એસોસિએશન ચાલુ રાખવું કે નવું બનાવવું બધી જ રીતે આ સંસ્થાને મદદરૂપ થવા માટે હર હંમેશ તૈયાર છું. 2014 ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી હરેશભાઈ ચૌધરી, સદભાવના ગ્રુપ, જણાવેલ કે કોલેજની ગોલ્ડન જ્યુબિલી સમય દરમિયાન કોલેજને આર્થિક મદદ કરેલ છે આ ઉપરાંત આશરે 73 વિદ્યાર્થીઓની ફીમાં મદદ રૂપ થયેલ છું. એલ્યુમનાય એસોસિએશનના પ્રમુખશ્રી તરુણભાઈ જોશી, 1974 ના ભૂતપૂર્વ વિદ્યાર્થીએ, જણાવેલ કે અમે તમામ રીતે કોલેજને મદદ કરવા તત્પર છીએ. આ જ રીતે શ્રી કિશનભાઇ બારોટ, શ્રી પ્રણવભાઈ ઉપાધ્યાય તથા 1982 ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી પિયુષ જોષી, DO LIC, પાલનપુર પણ પોતાના અભિપ્રાયો આપેલા હતા. ભૂતપૂર્વ ડાયરેક્ટર તેમજ ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ડો એમ વી હાથી સાહેબે પણ પ્રસંગોચિત ઉદબોધન કરેલ. કેમ્પસના એકેડેમિક ડાયરેક્ટર ડો. અમિત પરીખ દ્વારા પ્રસંગોચિત ઉદબોધનમાં એમ.બી.એ./એમ.સી.એ. જેવા પ્રોફેશનલ કોર્સીસ તથા આવનારા સમયમાં રિસર્ચ ફિલ્ડની વધારે આવશ્યકતા રહેશે તેવી ચર્ચા કરેલ હતી તેમજ એલ્યુમનાય એસોસિએશન વધુ મજબૂત બને તે માટેના શું પ્રયત્નો કરવા જોઈએ તે અંગે માર્ગદર્શન આપેલ હતું. મંડળના ઉપપ્રમુખ શ્રી આર.વી. શાહ સાહેબ કે જે 1969 70 ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તેમને પણ એલ્યુમનાય એસોસિએશન વધુ મજબૂત થાય, વિદ્યાર્થીઓને વધુને વધુ ઉપયોગી રહે તે માટેના વિચાર વિમર્શ રજૂ કર્યા હતા. કોમર્સ ફેકલ્ટીના પ્રા. આર. ડી. વરસાત દ્વારા આભાર વિધિ કરેલ હતી. આ ઉપરાંત કોલેજ કક્ષાએ એસોસિએશનના કમિટી મેમ્બર્સ ડૉ કે. કે. માથુંર, ડો એસ. આઇ. ગટીયાલા દ્વારા યોગ્ય માર્ગદર્શન અને આયોજનમાં સહકાર આપે હતો. આ સમગ્ર કાર્યક્રમ સાયન્સ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ડો વાય. બી. ડબગર અને કેમ્પસ એકેડેમીક ડાયરેક્ટર ડો અમિત પરીખના માર્ગદર્શન હેઠળ થયેલ હતું.

**5.4.1 There is a registered Alumni Association that contributes significantly to the development of the institution through financial and/or other support services.**



**5.4.1 There is a registered Alumni Association that contributes significantly to the development of the institution through financial and/or other support services.**



**5.4.1 There is a registered Alumni Association that contributes significantly to the development of the institution through financial and/or other support**











**5.4.1 There is a registered Alumni Association that contributes significantly to the development of the institution through financial and/or other support services.**